# "ઉડાન" યુવાન દીકરીઓ સંભાળે પોતાના જીવનનું સુકાન "

આણંદ કૃષિ યુનીવર્સીટી ,આણંદ ખાતે ફરજ બજાવતા મહિલા કર્મચારીઓ, વિવિધ વિદ્યાશાખામાં અભ્યાસ  કરતી વિદ્યાર્થીનીઓ તથા કેમ્પસમાં વસવાટ કરતી મહિલાઓ માટે આણંદ કૃષિ યુનીવર્સીટી અને અર્ચના ચેરીટેબલ ટ્રસ્ટ, આણંદનાં સંયુક્ત ઉપક્રમે મહિલાલક્ષી યોજનાઓ અંતર્ગત શિક્ષણ, આરોગ્ય, કૌશલ્ય વર્ધન, રોજગારલક્ષી, કારકિર્દી ઘડતર, મહિલા સશક્તિકરણ  અને સલામતી અંગે ડૉ. ધ્વનિ શર્મા, શ્રી રાજુભાઈ પટેલ તથા શ્રીમતી અર્ચનાબેન શર્મા દ્વારા    "સંવાદ" કાર્યશાળાનું આયોજન તા. ૧૭ ફેબ્રુઆરી, ૨૦૧૭ નાં રોજ બપોરે  ૨ થી ૪ વાગ્યા દરમિયાન આણંદ કૃષિ યુનિવર્સિટી ખાતે કરવામાં આવેલ. મંચસ્થ મહાનુભાવોનાં સ્વાગત બાદ  ડૉ. સંજય અકબરી, નિયામકશ્રી  વિદ્યાર્થી કલ્યાણ પ્રવૃત્તિ, આકૃયુ, ડૉ. કે. પી. પટેલ , આચાર્ય અને વિધ્યાશાખાધ્યક્ષ દ્વારા કાર્યક્રમની અગત્યતા અને રૂપરેખા અંગે ઉદબોધન કરવામાં આવ્યું.

ડૉ. ધ્વનિ શર્મા દ્વારા કેન્દ્ર અને રાજ્ય સરકારની વિવિધ મહિલાલક્ષી યોજનાઓ બેટી બચાઓ, ઓનલાઈન એફ આઈ આર, તથા ૧૮૧ અને ૧૦૯૧ જેવી સુવિધાનાં ઉલ્લેખ સાથે   **"ઉડાન"  યુવાન " દીકરીઓ સંભાળે પોતાના જીવનનું સુકાન**   થીમ અંતર્ગત રોચક  અને પ્રેરક ઉદબોધન આપવામાં આવ્યું. જેમાં વિવિધ વિદ્યાશાખાની 300 થી વધારે વિદ્યાર્થીનીઓ તથા મહિલા કર્મચારીઓ સાથે રસપ્રદ વાર્તાલાપ કર્યો હતો.

ત્યારબાદ શ્રી રાજેશભાઈ પટેલે યુવા સ્વાવલંબન  યોજના, કૌશલ્ય વર્ધન કેન્દ્રો, ઉમ્મીદ કેન્દ્રો, સ્વયં સક્ષમ યોજના, સ્વંય સિદ્ધા , સ્ટાર્ટ અપ, સ્ટેપ યોજના, ઉજ્જવલા , ઉમલા, મેક ઇન ઇન્ડીયા, જેવા મુદ્દાઓની વિસ્તૃત સમજ સાથે સાથે 3D  ડેમોક્રસી, ડીમાંડ અને ડેમોગ્રાફી વિષે માર્ગદર્શન આપ્યું.

અંતમાં ડૉ. અંકિતા કીલ્લેદાર , ચેરમેન વુમન સેલ , આકૃયુ દ્વારા આયોજકો અને હાજર રહેલ શ્રોતાઓ સર્વેનો આભાર વ્યક્ત કરી કાર્યક્રમનું સમાપન કરવામાં આવ્યું. આ કાર્યક્રમનું સફળ સંચાલન પ્રો. ઋચા દવે અને પ્રો. હર્ષા શેલતે સંભાળ્યું.








बंसीलाल अमृतलाल कृषि महाविद्यालय